**GJBK020067462022**

| | | |
|---|---|---|
| રજુ તારીખ | : | ૧૬–૧૨ –૨૦૨૨ |
| દાખલ તારીખ | : | ૧૯–૧૨ –૨૦૨૨ |
| ફેંસલ તારીખ | : | ૨૩–૦૩–૨૦૨૩ |
| સમયગાળો | | વર્ષ માસ દિવસ |

**બનાસકાંઠાના મે. પાંચમા એડી.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટકલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુકામ–પાલનપુર.**

-----------------------------------------

**ફોજદારી કેસ નં. ૫૭૫૨/૨૨**
**આંક.**

**ફરિયાદી** સ્ટેટ ઓફ ગુજરાત

**વિરૂદ્ધ...**

**આરોપી** મધુબેન અશોકજી ઘેમરજી જેસાતર(ઠાકોર), ઉ.૩૫વર્ષ,
રહે. ચડોતર,તા. પાલનપુર,બનાસકાંઠા.

**ગુનો – ગુજરાત પ્રોહીબીશન અધિનિયમ, ૧૯૪૯ની કલમ– ૬૫ (એએ) મુજબ.**

ફરિયાદપક્ષ તરફે – વિ.એ.પી.પી.શ્રી બી.એ.રાવત
આરોપી તરફે – વિ.વ.શ્રી પી.વી.ઠાકોર

**–: ઠ રા વ :–**

1. આ કામે ફરિયાદપક્ષના કેસની ટુંક હકીકત એવી છે કે, આ કામના તહોમતદારે તા.૨૧–૦૯–૨૦૨૨ નારોજ ચડોતર ગામે પોતાના કબજા ભોગવટાના રહેણાંક ઘર માં ગેરકાયદેસર અને વગર પાસ પરમીટનો દેશી દારુ લીટર–૪ કિંમત રુ.૮૦/–નો રાખી પોલીસ રેડ દરમ્યાન હાજર મળી ન આવી ગુનો કરેલ. તે મતલબની ફરિયાદ ફરિયાદી એ સંબંધિત પોલીસ સ્ટેશને આપતાં, પાલનપુર તાલુકા પોલીસ સ્ટેશન પ્રોહી ગુના રજી.

નં.૧૧૧૯૫૦૩૫૨૨૦૭૪૦/૨૦૨૨ થી ગુનો દાખલ કરેલ.

2. ત્યારબાદ સંબંધિત પોલીસ સ્ટેશન તરફે ગુનો દાખલ કરી, તપાસ કરનાર અમલદારે સંબંધિત સાહેદોના લખાવ્યા મુજબના નિવેદનો નોંધી, પંચોની હાજરીમાં મુદ્દામાલ રીકવરી પંચનામુ કરી, આરોપીને અટક કરી, તપાસના અંતે પુરતો પુરાવો જણાતા આરોપી વિરુધ્ધ ઉપરોકત મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ કરેલ જે કેસ રજીસ્ટરે દાખલ કરેલ.

3. ત્યારબાદ આરોપીને સમન્સ કાઢતા આરોપી કોર્ટ સમક્ષ હાજર થતા આરોપીને ક્રિ.પ્રો.કોડ ની કલમ ૨૦૭ મુજબ પોલીસ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડી, આક્ષેપિત ગુના સંબંધે આંક.૩થી તહોમતનામુ ફરમાવી, આંક.૪ના નિવેદનમાં આરોપીએ ગુનાનો ઇનકાર કરતાં આરોપી વિરુધ્ધ ગુનાની ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

4. આ કામમાં ફરિયાદપક્ષ તરફે નીચે મુજબનો પુરાવો રજુ કરેલ છે.

**મૌખિક પુરાવોઃ-**

| **ક્રમ** | **વિગત** | **આંક.** |
|---|---|---|
| ૧ | પંચસાહેદ- દિપકભાઇ ઘેમરજી ની જુબાની | ૦૬ |
| ૨ | પંચસાહેદ- રોહિતકુમાર દિનેશજી ની જુબાની | ૦૮ |
| ૩. | ફરિયાદી- ભગવાનભાઇ રાજસંગભાઇ ની જુબાની | ૦૯ |
| ૪. | ત.ક.અમલદાર-પ્રવિણભાઇ ચેલાભાઇ ની જુબાની | ૧૩ |

**દસ્તાવેજી પુરાવોઃ-**

| **ક્રમ** | **વિગત** | **આંક.** |
|---|---|---|
| ૧ | પંચનામુ | ૦૭ |
| ૨. | ફરિયાદ | ૧૦ |

5. ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ ક્રિ.પ્રો.કોડની કલમ ૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ

નિવેદન નોંધવામાં આવતા જેમાં આરોપીએ સોગંદ ઉપર જુબાની આપવા માંગતા નથી કે બચાવના સાહેદો તપાસવા માંગતા નથી અને આરોપીએ કેસ અંગે વિશેષમાં જણાવેલ છે કે તેઓ ઉપર ખોટો કેસ કરેલ છે. આરોપી તરફે કોઇ મૌખિક કે દસ્તાવેજી પુરાવા રજુ થયેલા નથી. ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી તરફે વિ.વ.શ્રી ની દલીલો સાંભળવામાં આવેલ છે.

6. આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**મુદ્દાઃ-**

૧. શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના તોહમતદારે પોતાના કબજા ભોગવટાના રહેણાંક ઘર માં ગેરકાયદેસર અને વગર પાસ પરમીટનો દેશી દારુ લિટર-૪ કિંમત રુ. ૮૦/- નો રાખી પોલીસ રેડ દરમ્યાન હાજર મળી ન આવી, ગુજરાત પ્રોહીબીશન અધિનિયમ, ૧૯૪૯ની કલમ ૬૫(એએ) મુજબનો શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે?

૨. શું હુકમ ?

7. ઉપરોકત મુદ્દા પરત્વે ના નિર્ણય નીચે પ્રમાણે છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ

8. **મુદ્દા નં.૧,૨**

આ કામે ફરિયાદપક્ષે આંક.૬ થી પંચસાહેદ દિપકભાઇ ઘેમરજી તથા આંક.૮ થી રોહિતકુમાર દિનેશજી ને સોગંદ ઉપર તપાસેલ છે. તેઓ તેમની સરતપાસમાં પંચ નં.૧ તથા નં.૨ જણાવે છે કે, ચડોતર ગામે પાટીયા પાસે પોલીસે તૈયાર પંચનામામાં સહી કરાવેલી. તે સિવાય કાંઇ જાણતા નથી. ઉપરોકત બંને પંચોએ જડતી તપાસ પંચનામામાં પંચ તરીકે પોતાની સહી ઓળખી બતાવેલ છે જે પંચનામાની ખરી નકલને આંક.૭ આપવામાં આવેલ છે. પરંતુ સદર બંને પંચ સાહેદ પંચનામાની હકિકતને સમર્થન આપતા ન હોઈ, એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરી એ.પી.પી.શ્રીએ વિસ્તૃત ઉલટતપાસ કરેલ જેમાં પણ ફરિયાદપક્ષને મદદરુપ પુરાવો લાવી શકેલ નથી. આમ, પંચસાહેદ ની જુબાનીથી

ફરિયાદપક્ષને મદદરુપ પુરાવો આવતો નથી.

આ કામે ફરિયાદપક્ષે ફરિયાદી ભગવાનભાઇ રાજસંગભાઇ ને આંક–૯થી સોંગદ ઉપર તપાસેલ છે. તેઓએ તેમની સરતપાસમાં આરોપીના ઘરેથી દેશી દારુ મળી આવેલ તે અંગેની ફરિયાદ આપ્યાની હકિકતને સમર્થનકારી સોગંદ ઉપર જુબાની આપેલ છે અને આંક.૧૦થી ફરિયાદ રજુ રાખેલ છે. પરંતુ બચાવપક્ષ દ્વારા લેવાયેલ ઉલટતપાસમાં કબુલ રાખેલ છે કે, ફરિયાદમાં પંચોના નામ જણાવેલ નથી, આરોપીના પ્રત્યક્ષ કબજા માંથી કોઇ મુદ્દામાલ મળેલ નથી. આમ, ફરિયાદીની જુબાની ધ્યાને લેતા આરોપીને ગુનામાં સાંકળતો પુરાવો માની શકાય નહી.

આંક.૧૧ થી તપાસ કરનાર અમલદાર પ્રવિણભાઇ ચેલાભાઇ ને સોગંદ ઉપર તપાસેલ છે. તેઓ તેમની સરતપાસમાં તા.૨૧–૦૯–૨૨ નારોજ તાલુકા પો.સ્ટે. અ.હે.કો. તરીકે ફરજ બજાવતા હોવાનું તથા હાલના ગુનાની રેડમાં સામેલ હોવાનું જણાવી સદર ગુનો પ્રોહી ગુના નં. ૭૪૦/૨૨ થી નોંધી આગળની તપાસ તેઓને મળતા તેઓએ ફરજના ભાગ રુપે અને હોદ્દાની રુએ કરેલ કાર્યવાહી નો તેમજ ચાર્જશીટ કર્યાની હકિકતને સમર્થનકારી સોગંદ ઉપર જુબાની આપેલ છે. બચાવપક્ષે લેવાયેલ ઉલટતપાસમાં મુખ્યત્વે કબુલ રાખેલ છે કે, તપાસના કામે ઘરની માલિકી બાબતે કોઇ આધાર પુરાવો રજુ કરેલ નથી, સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધા નથી. આમ, ત.ક.અમલદારશ્રી ની જુબાની ધ્યાને લેતા પણ આરોપીને ગુનામાં સાંકળતો પુરાવો માની શકાય નહી.

9. સદર કામે રેકર્ડ પર આવેલ પુરાવો ધ્યાને લેતા પંચોની હાજરીમાં આરોપીના કબજાવાળા રહેણાંકમાંથી દેશી દારુ મળી આવેલાનો ફરિયાદપક્ષનો કેસ છે. પરંતુ ફરિયાદપક્ષે તપાસવામાં આવેલ પંચસાહેદનો પુરાવો જોતાં પંચસાહેદની હાજરીમાં મુદ્દામાલ રીકવર થયેલ હોવાની તેમજ પંચનામુ થયેલાની હકિકતને પંચસાહેદે ઇનકાર કરેલ છે ત્યારે જડતી તપાસ પંચનામું પુરવાર માની શકાય નહી. ચાર્જશીટ ધ્યાને લેતામાં તેમાં ફરિયાદપક્ષે સાહેદ તરીકે માત્ર પોલીસ સાહેદો ને જ લેવામાં આવેલા છે. જયારે આરોપીના પ્રત્યક્ષ

કબજામાંથી મુદ્દામાલ મળેલ નથી અને આરોપીના ખુલ્લા ઘર/વાડામાંથી ગેરકાયેદસર અને વગર પાસ પરમીટનો દેશી દારુ મળી આવેલાનો કેસ છે અને તે ગુનો બન્યાનું સ્થળ ધ્યાને લેતાં, ગુનાવાળી જગ્યાએ સામાન્ય રીતે માણસોની હાજરી હોવાની શક્યતા સ્વાભાવિક જણાય છે. તે સંજોગોમાં પોલીસસાહેદ સિવાય ત્રાહિત વ્યક્તિને સાહેદ તરીકે ન દર્શાવાનું કોઇ વ્યાજબી કારણ ફરિયાદપક્ષે રેકર્ડ જોતા ફલિત થતું નથી. જે સ્થળેથી દેશી દારુ મળી આવેલ તે જગ્યા આરોપીની માલિકીની જ હોવા બાબતે ફરિયાદપક્ષે કોઇ આધાર પુરાવો રજુ થયેલ નથી. મુદ્દામાલ દેશી દારુ હોવા બાબતના સમર્થનમાં ફરિયાદપક્ષે એફ.એસ.એલ. રીપોર્ટ રજુ થયેલ નથી કે અધિકૃત અધિકારીની સોગંદ ઉપરની જુબાનીથી પુરવાર થયેલ નથી. ત્યારે નામદાર વડી અદાલત દ્વારા સંખ્યાબંધ ચુકાદાઓથી પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંત ધ્યાને લેતા અન્ય સાહેદોને તપાસવાથી અર્થ સરે તેમ ન હોય તથા સમયનો વ્યય થાય તેમ હોય, સદર કામે ઉપરોકત હકિકતે અન્ય સાહેદોને ફરિયાદપક્ષ દ્વારા તપાસવામાં આવેલ નથી. તેમજ ત.ક.અમલદારના પુરાવા મુજબ તેઓ બનાવવાળી રેડમાં સામેલ હતા અને તપાસ પણ તેઓએ કરેલ છે ત્યારે ફરિયાદની ખરેખર તટસ્થ અને ચોકકસ તપાસ થયેલ હોવાની હકિકત શંકાસ્પદ જણાતી હોય, ફરિયાદપક્ષ આરોપી સામેનો કેસ નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનું જણાતુ હોય ત્યારે ક્રિમીનલ જયુરીસ્પ્રુડન્સના સિદ્ધાંત મુજબ આરોપી શંકાનો લાભ મેળવવા હકકદાર થતા હોઇ, જેથી આરોપીને તેનો લાભ મળવાપાત્ર હોઇ, મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી, મુદ્દા નં.૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**– હુકમ –**

- આ કામના આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ ૨૪૮(૧) અન્વયે ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ની કલમ ૬૫(એએ) મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.
- અપીલ સમય વિત્યા બાદ મુદ્દામાલ દેશી દારુનો નાશ કરવો.

- ક્રિ.પ્રો.કોડની કલમ ૪૩૭(૧) અન્વયે આરોપીના અગાઉ રજુ થયેલ જામીનખત તથા જાતમુચરકા છ માસ પુરતા ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારિખ ૨૩, માહે માર્ચ, સને ૨૦૨૩ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુકામઃ પાલનપુર.
તા. ૨૩–૦૩–૨૦૨૩

(લીના મહેશભાઈ પરમાર)
પાંચમા એડી.જયુડી.મેજીસ્ટ્રેટ ફર્સ્ટકલાસ,
બનાસકાંઠા–પાલનપુર.
કોડ નં.જી.જે.૦૧૭૦૫